E-JOURNAL (HISTORY)
SINCE 2019
E - ISSN : 2582-046X
Vol. 05, Issue 02, April - June, 2023
ISSN (Online) No. 2582 – 046X Impact Factor SJIF 2021 : 4.022, Research bib 2022 : 6.010
"Ansh - Journal of History" A Peer Reviewed International Refereed Online Journal
View More Info... www.ansh.ichrc.co.in Email : ansh.history@gmail.com

# શ્રી અમૃતલાલ દલપતભાઈ શેઠ (૧૮૯૧-૧૯૫૪)

GAMARA MANISH JADAVBHAI, M.A., M.Ed., M.Phil, Ph.D., Research Scholar, GUJARAT UNIVERSITY, AHMEDABAD

***ABSTRACT :***

*જ્યારે કોઈપણ આંદોલન ચળવળ કે પ્રવૃત્તિમાંથી નેતૃત્વ પેદા થતું હોય છે અથવા તો આંદોલન કે પ્રવૃત્તિ પહેલા પેદા થયેલી નેતાગીરી વધુ મજબુત થતી હોય છે. ભારતીય સ્વતંત્રસંગ્રામ એ ભારત ઉપરાંત વિશ્વ ઇતિહાસની વિરાટ ઘટના હતી. તેના ભાગરૂપે મોટા આંદોલનો ઉપરાંત પ્રાદેશિક કક્ષાના આંદોલનો પણ થયા હતા. જેનાથી સ્થાનિક કક્ષાએ અનેક નેતાઓ પેદા થયા હતા. ૧૯૩૦માં થયેલો ધોલેરા સત્યાગ્રહ ગુજરાતના ઇતિહાસનો મહત્વનો સત્યાગ્રહ હતો. તેમાં સત્યાગ્રહની આયોજન, તેની પ્રવૃત્તિઓ, કાર્યકર્તાઓને તૈયાર કરવા અને સત્યાગ્રહ માટે મક્કમ રાખવા વગેરે મહત્વની પ્રવૃત્તિ હતી.*

***Key words:*** *અમૃતલાલ દલપતભાઈ શેઠ, આંદોલન, નેતૃત્વ, સૌરાષ્ટ્રના સિંહ*

## પ્રસ્તાવના:

વ્યક્તિમાં એકાદ ગુણ પણ અવિનય હોય તો તેનું જીવન સાર્થક થઇ જાય, એવા અનેક માનવીય ગુણો ધરાવતા અસંખ્ય વ્યક્તિઓ પુણ્યભુમિ ધોલેરામાં સેકડો વર્ષોથી પ્રગટતા આવ્યા છે. મનુષ્યના મનમાં રહેલી અનંત ઉદારતાઓ અને વિરાટ લીપ્સાઓને ભણતા હોવા છતાં, પોતાની આસપાસના લોકસમૂહને નિષ્કામજાવે માફીને જેમને સમગ્ર જીવન તેમની સેવામાં અર્પણ કર્યું છે. તેમજ જીવન પર્યંત સેવાકીય પ્રવૃતિઓ કરેલ છે. તેવા નેતાની સંશોધનની મર્યાદા માં રહીને માહિતી આપવામાં આવેલી છે

## અમૃતલાલ શેઠનું જીવન-કવન:

સૌરાષ્ટ્રના સિંહ તરીકે ઓળખાતા શ્રી અમૃતલાલ શેઠનો જન્મ ૨૫ ઓગષ્ટ, ૧૮૯૧ના રોજ થયો હતો. જ્યારે ભારતમાં અસહકારની લડત ચાલતી હતી ત્યારે તેઓ લીંબડી રાજ્યમાં મુખ્ય ન્યાયધીશ હતા. સૌરાષ્ટ્રમાં અને ગુજરાતમાં દેશી રાજ્યોમાં અન્યાયો અને અત્યાચારો ખુબ ચાલતા હતા ત્યારે પોતે મુખ્ય ન્યાયધીશના પદ પરથી રાજીનામું આપ્યું અને તેઓ સૌરાષ્ટ્ર સેવા સમિતિ દ્વારા સૌરાષ્ટ્રમાં સેવાના કાર્યો કરવા લાગ્યા જેનાથી ગાંધીજીના નામ અને કામને જાણીતું કર્યું. તેમના દ્વારા ૧૯૨૭માં જ્યારે

E-JOURNAL (HISTORY) SINCE 2019 E - ISSN : 2582-046X
Vol. 05, Issue 02, April - June, 2023
ISSN (Online) No. 2582 – 046 X Impact Factor SJIF 2021 : 4.022, Research bib 2022 : 6.010
"Ansh - Journal of History" A Peer Reviewed International Refereed Online Journal
View More Info... www.ansh.ichrc.co.in Email : ansh.history@gmail.com

બારડોલીમાં ખેડૂતો દ્વારા મહેસુલ વધારા સામે સત્યાગ્રહ થયો. તેમાં પણ તેમણે મહત્વનો ભાગ ભજવ્યો હતો.

## અમૃતલાલ શેઠની સેવાકીય પ્રવૃત્તિઓઃ

જ્યારે ભાલ વિસ્તારમાં ૧૯૨૭માં રેલ સંકટ આવ્યું હતું ત્યારે તેમણે હોડીઓથી લોકોને ખોરાક પહોંચાડ્યો તેમજ બનતી તમામ મદદ કરી હતી. તેમજ તેઓએ "સૌરાષ્ટ્ર સેવા સમિતિ" દ્વારા ગાય (ગૌ માતા) ને ઘાસ પહોંચાડતા હતા. તેમજ સૌરાષ્ટ્રમાં તેમના દ્વારા વિવિધ જગ્યાએ પાણીની પરબો બંધાવી મુસાફરોને મદદ કરવામાં આવતી હતી.

જ્યારે ૧૯૨૭માં ગુજરાતમાં જે રેલ સંકટ આવ્યું ત્યારે મોટાભાગના વિસ્તારો તેમજ ભાલના ગામડાઓમાં પાણી ભરાયું હતું. તેથી તેવી ફરી હોનારત અચાનક આવી પડે તો તેનાથી લોકોને રક્ષણ મળી રહે તે હેતુથી ઊંચી સપાટીવાળા વિસ્તારમાં "લોકલ બોર્ડ" દ્વારા કેટલાંય ગામોમાં પાકી ધર્મશાળાઓ બંધાવી આપી. આવી રીતે તેઓ ભાલમાં સેવા કરતા તેનાથી તેઓ ખૂબ લોકપ્રિય બન્યા. તેમજ લોકો દ્વારા એમના નામનો રાસડો જોડ્યો હતો.

**"અમૃતલાલ બારીયું ખોલો રે....**
**નથી ઉગરવાનો આરો રે ....."**

## સૌરાષ્ટ્ર" સાપ્તાહિકના તંત્રી તરીકેની ભૂમિકાઃ

૧૯૨૧માં ગાંધીજીના જન્મ દિવસે રાણપુરમાં શ્રી અમૃતલાલ શેઠે "સૌરાષ્ટ્ર" નામનું સાપ્તાહિક અખબાર શરૂ કર્યું અને ત્યાં રહીને તે હિંદભરના દેશી રાજ્યો, રાજાઓ અને ખાસ કરીને સૌરાષ્ટ્રના દેશી રાજ્યોના આપખુદ અને અંધેર વહીવટ સામે લેખો લખીને લોકમત કેળવી રહ્યા હતા. ધોલેરા સત્યાગ્રહમાં "સૌરાષ્ટ્ર" પત્રની ખૂબ મોટી ભૂમિકા રહી છે. તેના તંત્રી મંડળમાં શ્રી અમૃતલાલ શેઠ ઉપરાંત પણ કેટલાય મહાનુભાવો જોડાયા હતા જેમાં શ્રી ઝવેરચંદ મેઘાણી, શ્રી ભીમજીભાઈ સુશીલ, શ્રી બળવંતરાય મહેતા, શ્રી કકલભાઈ કોઠારી, શ્રી હરગોવિંદ પંડ્યા વગેરે રહ્યા હતા.

## ધોલેરા સત્યાગ્રહમાં અમૃતલાલ શેઠની ભૂમિકાઃ

શ્રી અમૃતલાલ શેઠ દ્વારા "સૌરાષ્ટ્ર" પત્રમાં લેખો લખવામાં આવ્યા અને ધોલેરા સત્યાગ્રહ વિશે લોકોને માહિતી આપવા લાગ્યા અને તેમના દ્વારા લોકોને ધોલેરા સત્યાગ્રહ કરવાની તારીખ પણ આપવામાં આવી ૬ એપ્રિલ ત્યાં સુધી લોકોને ગુજરાત પ્રાંતિક સમિતિને ભરતી થનાર સૈનિકોના નામ મોકલી આપવામાં આવશે તેવા અહેવાલ આપવામાં આવ્યા. તેમજ તેમના દ્વારા માર્ચના આખરી દિવસો સુધી સૌરાષ્ટ્રના સુપુત્રીને આમંત્રિત કર્યા અને "ભરતી થાઓ" અને એમના રાણપુરના રણ મેદાનમાંથી બુંગીઓ વગાડી રણઘેલા યુવાનોને યુદ્ધના નોતરા દીધાં. તેમજ તેમના દ્વારા સૌરાષ્ટ્ર પત્રિકાના પહેલા પાને "ચલો ધોલેરા..... ચલો ધોલેરા ..... લખી લોકોને તેમજ સૌરાષ્ટ્રના યુવાનોને ભરતી થવા આહવાહન આપ્યું."

આંદોલનની પૂર્વ તૈયારી થઈ ગઈ હતી અને ધોલેરાની છાવણીમાં સત્યાગ્રહીઓની સંખ્યા વધવા લાગી અને છેવટે તે ઐતિહાસિક દિવસ આવી ગયો.
૬ઠ્ઠી એપ્રિલના દિવસે પ્રભાતનાં કિરણો પૃથ્વી પર પડતાં જ સ્વાધીનતાનાં નગારા કીર્તિનો કરી સેના ચડી. ગાંડીતૂટ ભાલની જનતાએ પણ જુવાળ ચડાવ્યા. માર્ગોમાં મેદની સમાતી ન હતી. સ્ત્રીઓ પણ શેરીએ, ઓટલે, ઓસરીએ અને ઝરૂખે ઊભી હતી.

**"નહી રખની નહીં રખની**
**સરકાર જાલિમ નહીં રખની"**

તથા "રણભેરી"નું ગીત ગાતાં સરઘસ બજારો અને ચોકમાં ફરતું ફરતું ગામ બહાર નીકળ્યું ને કસ્ટમ ચોકી નજીક આવી, તેની સામે જ એક ઊંચી જમીન ઉપર તેણે અડંગો જમાવ્યો. શ્રી અમૃતલાલ શેઠ અને તેના વીસ બહાદુર સૈનિકો અર્ધ ચંદ્રાકાર વર્તુળ રચીને બેઠા અને વચ્ચે રાષ્ટ્રધ્વજ રોપ્યો. રાષ્ટ્રગીતો અને યુદ્ધગીતોની ધૂન મચી ગઈ. ત્યાં એમને વળાવવા આવેલા શેઠના સાથીદારો, મિત્રો, શુભેચ્છકો અને લીંબડી, રાણપુર વગેરેના પ્રજાજનો તથા ભાલના મોટા મોટા ગિરાસદાર આગેવાનો તથા હજારો પ્રેક્ષકો ફરતા વીંટળાઈને બેઠા. અમદાવાદથી શારદા મંદિરનાં બહેનો શ્રી સવિતાબેન તથા તેની વિદ્યાર્થીનીઓ પણ આખરી વિદાય વખતે આવેલી. શેઠના પુત્રી કુમારી લાભુબહેને પિતાને અને તેના વીસ

Vol. 05, Issue 02, April - June, 2023
ISSN (Online) No. 2 5 8 2 – 0 4 6 X Impact Factor SJIF 2021 : 4.022, Research bib 2022 : 6.010
"Ansh - Journal of History" A Peer Reviewed International Refereed Online Journal
View More Info... www.ansh.ichrc.co.in Email : ansh.history@gmail.com
E-JOURNAL (HISTORY) SINCE 2019 E - ISSN : 2582-046X

સાથીદારોને કુમ કુમ તિલક કર્યા. કેટલા ભાઈઓએ શ્રીફળની ભેટ આપી. સૈનિકોને દ્રાક્ષના પડીકાં બંધાવ્યા. લીંબડીના વિધવા બ્રાહ્મણ ચંચળ બહેન જે લડાઈમાં જોડાવા આવ્યા હતા તેમણે પણ ચાંદલા કરી વીરોને વિદાય આપી.

ત્યારબાદ શ્રી અમૃતલાલ શેઠ દ્વારા "ઈન્કલાબ"ની ઘોષણા કરી યુદ્ધ ભુમિ પર પ્રયાણ કર્યું. તેઓ તેમના સાથીદારો સાથે ખટારામાં બેસીને ધોલેરાથી ત્રણ માઈલ દુર રાહતળાવની ખાડીમાં જઈને મીઠું ઉપાડ્યું અને તેમના દ્વારા મીઠાના કાયદાનો ભંગ કરવામાં આવ્યો. ત્યારે તેમની ત્રણ પોલીસ અને ત્રણ કસ્ટમ અધિકારીઓ દ્વારા તેમની અટકાયત કરવામાં આવી અને ત્યારબાદ તેમની ધરપકડ કરવામાં આવી.

અમૃતલાલ શેઠ પર મુકદ્દમોઃ

છઠ્ઠી એપ્રિલ, ૧૯૩૦ ના રોજ કાયદાનો ભંગ કરી પકડાયેલા સૌરાષ્ટ્રના આગેવાન શ્રી અમૃતલાલ શેઠને ૮મી એપ્રિલ ૧૯૩૦ના રોજ ધંધુકામાં કામ ચલાઉ કોર્ટ ઊભી કરવામાં આવી હતી. તેમાં ધોળકા પ્રાંતના સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ શ્રી ઈસાણી સમક્ષ રજુ કરવામાં આવ્યા.

મુકદમાની શરૂઆત બપોરે બાર વાગે થવાની હતી. એ પહેલાં ધંધુકાના ડાક બંગલામાં લોકોની ભીડ જામી હતી. ધંધુકા શહેરમાં એક સરઘસ કાઢવામાં આવ્યું હતું અને બધા સૈનિકો અને શહેરીજનો યુદ્ધ ગીતો લલકારના ધંધુકા કોર્ટમાં આવ્યા. સરઘસની આગેવાની શ્રી બળવંતરાય મહેતા, શ્રી ભીમજીભાઈ સુસીલ, શ્રી મોહનલાલ મહેતાએ લીધી હતી. ડાક બંગલામાં ઓસરી અને ચોગાન તો ઠીક પરંતુ કોર્ટના રૂમમાં મેજીસ્ટ્રેટ, ડેપ્યુટી સુપ્રિટેન્ડેન્ટ ઑફ પોલીસ, પબ્લીક પ્રોસીક્યુટર અને રાઈટીંગ કલાર્કની ખુરશી સુધી લોકોની ભીડ હતી. તે સમય દરમિયાન વકીલોને ખુરશી ન મળતા તેઓ ગુસ્સે થઈને કોર્ટ છોડીને ચાલ્યા ગયા. લોકોની સંખ્યા વધતી ગઈ અને તેમનો કોલાહલ વધતો જ જતો હતો. છતાં મેજીસ્ટ્રેટ મી. ઈસાણીએ મગજ ન ગુમાવતા લોકોને શાંત થવા વિનંતી કરી. શ્રી અમૃતલાલ શેઠને પણ આ બાબતમાં લોકોને સમજાવવાથી લોકો શાંત થયા ત્યારબાદ મુકદ્દમાની સુનાવણી શરૂ થઈ અને ફરિયાદ પક્ષ તરફથી પોલીસના કોઈ મોટા અધિકારીઓએ

E-JOURNAL (HISTORY) SINCE 2019
E - ISSN : 2582-046X
Vol. 05, Issue 02, April - June, 2023
ISSN (Online) No. 2582 – 046X Impact Factor SJIF 2021 : 4.022, Research bib 2022 : 6.010
"Ansh - Journal of History" A Peer Reviewed International Refereed Online Journal
View More Info... www.ansh.ichrc.co.in Email : ansh.history@gmail.com

કામગીરી ન બજાવી તેને બદલે પ્રહલાદ નામના બિચારા મામુલી પોલીસના નામથી આ ગુનો નોંધાયેલો એટલે તેણે તો અદાલતમાં હાજર થઈને કામગીરી બજાવવી પડી.

શ્રી અમૃતલાલ શેઠ આખા મુકદ્દમા દરમિયાન છાપા વાંચતા હતા અને દસ વર્ષના જીવનમાં આવી ફુરસદ મળી હોવાથી પોતાના એક નાના બાળક સાથે ગેલ (રમત) કરતા હતા. અને જ્યારે તેમના ઉપર મુકવામાં આવેલા આરોપ અંગે બચાવ કરવાનું કહેવામાં આવતું ત્યારે તેઓ કહેતા કે, "આંહી તો ગુનો કર્યો છે. ચોડે ધોડે કર્યો છે. દસ હજાર લોકોની મેદની વચ્ચે પોકારીને કર્યો છે. એમાં બચાવ કેવો ?" આટલું કર્યું તે સૌ ગણું કરીને માનજો અને ફાવે તે સજા ફટકારજો બાકી હું પરદેશી સત્તાની પ્રતિનિધિ એવી તમારી આ કોર્ટને ઓળખતો નથી. તેમાં ચાલતા આ તમારા કામકાજને ધ્યાનમાં જ લેતો નથી.

ઈન્સ્પેક્ટરે લખાવ્યું કે શ્રી અમૃતલાલ શેઠ "સૌરાષ્ટ્ર"ના તંત્રી છે. બીજું નોંધાવ્યું કે, ફક્ત ૫૦૦ જ લોકો સરઘસમાં ગયેલા. હકીકતમાં શેઠ તારીખ ૧૨મી માર્ચના મહાત્માજીના દાંડી કૂચના ઐતિહાસિક દિવસથી જ સૌરાષ્ટ્રના તંત્રીપદે રાજીનામું આપી દીધું હતું. તેમજ તે સરઘસમાં ૫૦૦૦ લોકો કરતા પણ વધારે હતા. તેમજ ધોલેરાના આસપાસના ગામના લોકો ત્યાં ભેગા થયા હતા.

આવી રીતે કોર્ટમાં હાસ્યના દૃશ્યો જોવા મળતા હતા. ત્યાં હાજર રહેલા લોકોને ખૂબ રમુજ પડતી હતી.

આમ જેમ તેમ કેસ પુરો કરી મેજીસ્ટ્રેટ ઈસાણી ઊભા થયાને "Thank you all" કહીને લોકોને ખામોશી રાખવા બદલ આભાર માન્યો. ચુકાદો એકાદ કલાકમાં આપવામાં આવશે તેમ કહીને તેઓ બીજા ખંડમાં ચાલ્યા ગયા.

અદાલતમાં ચાલતી કાર્યવાહીઃ

ત્યારબાદ તે અદાલતમાં મેજીસ્ટ્રેટના ટેબલ પર ચડીને સ્વયં સેવકોએ ધોલેરાની ખાડીમાં મીઠા ખાતાના અમલદારો અને પોલીસ અધિકારીઓ જે રીતે સત્યાગ્રહીઓ પાસેથી મીઠું ઝુંટવામાં આવતું હતું. તેનું નાટક રજુ કરવામાં આવ્યું અને ત્યાં હાજર રહેલા બીજા લોકો તે જોઈને ખૂબ હસવા લાગ્યા. આમ એક બાજુ અદાલતના ખંડમાં

Vol. 05, Issue 02, April - June, 2023
ISSN (Online) No. 2 5 8 2 – 0 4 6 X Impact Factor SJIF 2021 : 4.022, Research bib 2022 : 6.010
"Ansh - Journal of History" A Peer Reviewed International Refereed Online Journal
View More Info... www.ansh.ichrc.co.in Email : ansh.history@gmail.com
E-JOURNAL (HISTORY) SINCE 2019 E - ISSN : 2582-046X

નાટક ચાલતું હતું. તો બીજી બાજુ અદાલતના ચોગાનમાં યુદ્ધ ગીતો ગવાતા હતા. જેમાં "જંગમે ઝૂક પડો" તેવા વિવિધ યુદ્ધ ગીતો ગવાતા હતા.

તે સમય દરમિયાન મેજીસ્ટ્રેટ ફેંસલો લખીને આવ્યા. તેમણે સ્ટેશનના સત્તાવાળાઓને વિનંતી કરીને બપોરની મેઈલ ટ્રેઈન થોભાવી હતી. તેમજ મેજીસ્ટ્રેટની વિનંતીથી શ્રી શેઠે લોકોને સ્ટેશન પર પહોંચી જવા સૂચના કરી તેથી કોર્ટ ખાલી થઈ ગઈ. પછી મેજીસ્ટ્રેટ આખો ચુકાદો ન વાંચતા તેનો છેલ્લો ભાગ વાંચી શ્રી શેઠને અઢી વર્ષની સાદી સજા જાહેર કરી. તેમને "અ" વર્ગમાં મુકવામાં આવ્યા.

ત્યારબાદ અમૃતલાલ શેઠને ધંધુકા રેલ્વે સ્ટેશન પર લઈ જવાયા ત્યાં અમૃતલાલ શેઠને લોકો દ્વારા ફુલાહાર અને સુતરના હાર અર્પણ કરવામાં આવ્યા. એમણે બારણામાં ઊભા રહીને વળાવવા આવેલા સેંકડો લોકોના ટોળાને ઉદ્દેશીને કહ્યું.

"ભાઈઓ મને અઢી વર્ષની સાદી કેદ થઈ છે. તમે મારો આટલો સત્કાર કર્યો અને સ્નેહ આપ્યો તે બદલ હું તમારો આભારી છું. મારી વિદાય – વિનંતી એટલી છે કે, મારી ગેરહાજરીમાં મારી જગ્યાએ આવેલા શ્રી બળવંતરાયભાઈને તમે આજ્ઞાવશ રહેજો એક પણ સરકારી નોકરની અપશબ્દ, અપમાનનો શબ્દ કે ઉશ્કેરાટનું વચન ન કહેતા. શાંતિપૂર્વક લડત જમાવજો. મીઠાવેરો તોડી નાંખજો ને જેલો ભરી કાઢજો."

## અમૃતલાલ શેઠને થયેલ સજાઃ

ત્યારબાદ શ્રી અમૃતલાલ શેઠને સાબરમતી જેલમાં ખસેડવામાં આવ્યા અને તેઓને બે વર્ષની સજા થઈ. તેઓ બે વર્ષની સજા ભોગવીને ૧૯૩૨માં બહાર આવ્યા ત્યારે તેઓ પૂર્વ આફ્રિકામાં વસતા હિંદીઓની હિંદી કોંગ્રેસનું પ્રમુખપદ લેવા આફ્રિકા ગયા. ત્યાંથી પાછા આવતા જ તેઓની અંગ્રેજો દ્વારા ધરપકડ કરવામાં આવી અને બે વર્ષની સજા થઈ અને એક હજાર રૂપિયાનો દંડ કરવામાં આવ્યો. ૧૯૪૨માં હિન્દ છોડો આંદોલનમાં ભુગર્ભ લડતને મદદ કરી ગુજરાત પ્રાંતિક કોંગ્રેસ સમિતિ તથા કોંગ્રેસ મહાસમિતિના વર્ષો સુધી તેઓ સભ્ય રહ્યા હતા. ૧૯૨૬માં કોંગ્રેસ પક્ષમાંથી તેઓ મુંબઈની ધારાસભામાં તેઓ ચુંટાયા.

E-JOURNAL (HISTORY)
SINCE 2019
E - ISSN : 2582-046X
Vol. 05, Issue 02, April - June, 2023
ISSN (Online) No. 2582–046X Impact Factor SJIF 2021 : 4.022, Research bib 2022 : 6.010
"Ansh - Journal of History" A Peer Reviewed International Refereed Online Journal
View More Info... www.ansh.ichrc.co.in Email : ansh.history@gmail.com

## કાઠિયાવાડ રાજકીય પરિષદ"માં અમૃતલાલ શેઠની ભૂમિકાઃ

"કાઠિયાવાડ રાજકીય પરિષદ"ના તેઓ સંસ્થાપક હતા. ૧૯૨૮માં "અખિલ હિંદ રાજસ્થાન પરિષદ"ની સ્થાપના કરી. તેના મંત્રી તરીકે કાર્ય કર્યું. ૧૯૨૩માં "સૌરાષ્ટ્ર સેવા સમિતિ" સ્થાપી તેના પ્રમુખ બન્યા તેઓ દ્વારા મુંબઈના અંગ્રેજી પત્ર "ધ ડેઈલી સન" અને "જન્મભૂમિ" પત્રો શરૂ કર્યા. ૧૯૪૫માં શ્રી નેતાજી સુભાષચંદ્ર બોઝના યુદ્ધભર પત્રી તરીકે તેઓ બર્મા, મલાયા, સિંગાપોર સ્થળે ફર્યા અને તેઓ દ્વારા સુભાષચંદ્ર બોઝની આઝાદ હિંદ ફોજની કામગીરીની અહેવાલ ભારતની જનતાને પહોંચાડ્યો. ૧૯૩૭માં ધોલેરા સ્ટીમશીપ કંપનીની શરૂઆત કરી તે અંગે વિદેશોમાં રહ્યા. ૧૯૪૦માં ભારત પાછા ફર્યા. પછી "જન્મભૂમિ"નું તંત્રીપદ સંભાળ્યું. ૧૯૪૧માં ઈન્ડિયન લેંગ્વેજીઝ ન્યુઝ પેપર્સ એસોસિયેશનની સ્થાપના કરી અને તે સંસ્થાના આઠ વર્ષ સુધી પ્રમુખ રહ્યા.

તા.૩૦-૭-૧૯૫૪માં તેઓનું અવસાન થયું.

## શ્રી અમૃતલાલ શેઠના જીવનની મહત્વની તારીખોઃ

જન્મ : ૨૫મી ઓગષ્ટ, ૧૮૯૧, લીંબડીમાં

૧૯૧૫ : હાઈકોર્ટના વકીલની પરીક્ષા પસાર કરી અને વઢવાણમાં વકીલાતની કારકિર્દી શરૂ કરી.

૧૯૧૮ થી ૧૯૨૧ : વકીલાતની કારકિર્દી દરમ્યાન ખટપટથી કંટાળી રાજીનામું આપ્યું. લીંબડીના રાજવીએ ન્યાયધીશ તરીકે નિમણૂંક આપી. અઢી વર્ષના કાર્યકાળ દરમ્યાન લીંબડી રાજ્યની પ્રજાના કલ્યાણ માટે ભરપૂર પ્રયાસો કર્યા. રાજ્યના દિવાનનું પદ ખાલી હતું. તેની ઉપર નિમણુંક કરવા રાજવીની નજરમાં અમૃતલાલ શેઠ વસી ગયા હતા.

૧૯૨૦ : "બોમ્બે કાનિકલ" (મુંબઈ)ને સમાચાર મોકલવાનું શરૂ કર્યું.

૧૯૨૧ : ગાંધીજીની રાષ્ટ્રીય આંદોલનની હાકલ સંભાળી લીંબડીના પદેથી રાજીનામું આપ્યું અને રાષ્ટ્રીય કાર્યમાં જોડાવાનો નિર્ણય કર્યો. ૧૯૨૧માં ધ્રાંગધ્રા રાજ્યમાં ખાદી અને રચનાત્મક પ્રવૃત્તિ કરવા ગયેલા કાઠિયાવાડ રાજકીય

પરિષદના અગ્રણીઓને હેરાન કરવામાં આવ્યા. અમૃતલાલ શેઠે આ સમાચારો તે વખતે રાજકોટ અને મુંબઈથી પ્રસિદ્ધ થતા અખબારોમાં મોકલ્યા, પણ તેને સામાન્ય પ્રસિદ્ધિ મળી. તેમાંથી અખબાર પ્રસિદ્ધ કરવાના વિચારનું બીજારોપણ થયું. શેઠ મુંબઈ ગયા, સભા કરી અને મિત્રો અખબાર શરૂ કરવા માટે જરૂરી નાણાં એકત્ર કરી આપ્યા.

૧૯૨૧ : બીજી ઓક્ટોબર, ગાંધી જયંતિએ રાણપુરમાંથી "સૌરાષ્ટ્ર" સાપ્તાહિકનો આરંભ થયો, દેશી રાજ્યોના જુલમો સામે જેહાદ જગાવવામાં આવી. ૧૯૨૧ થી ૧૯૩૦ સુધી "સૌરાષ્ટ્ર"ના તંત્રી પદે રહ્યા.

૧૯૨૨ : શ્રી ઝવેરચંદ મેઘાણી "સૌરાષ્ટ્ર"માં જોડાયા. સૌરાષ્ટ્ર પ્રકાશન દ્વારા લોક સાહિત્ય અને સંસ્કાર સાહિત્ય પ્રસિદ્ધ કરવામાં આવ્યું. અન્ય રાજ્યોની પ્રજાએ શેઠને પોતાની મદદ માટે બોલાવ્યા. "સૌરાષ્ટ્રના સિંહ"નું બિરૂદ્ધ પામ્યા.

૧૯૨૩ થી ૧૯૩૦ : ધંધુકા તાલુકા લોકલ બોર્ડ અને અમદાવાદ લોકલ બોર્ડના પ્રમુખ તરીકે રહ્યા.

૧૯૨૪ : સૌરાષ્ટ્ર સેવા સમિતિની સ્થાપના કરી. સૌરાષ્ટ્રમાં કુદરતી આફતો વખતે પ્રજાને સહાય પહોંચાડી. ભાલમાં ખોદાવ્યા. ૧૯૨૪ થી ૧૯૩૫, અમૃતલાલ શેઠ સમિતિના પ્રમુખપદે રહ્યા. ૧૯૨૭માં પ્રચંડ પૂર વખતે ભાલ જળરેલ રાહત સમિતિ દ્વારા લોકોને મદદરૂપ બન્યા. ઘોડા ઉપર અને પગપાળા ભાલ વિસ્તારોનો ઘનિષ્ટ પ્રવાસ કરીને અંતરિયાળ વિસ્તારોમાંથી તારાજીની માહિતી મેળવી ફોટાઓ સાથે "સૌરાષ્ટ્ર"માં પ્રસિદ્ધ કરી.

૧૯૨૫ થી ૧૯૩૫ : અખિલ હિંદ દેશી રાજ્ય પરિષદ (ઓલ ઇન્ડિયા સ્ટેટ્સ પીપલ કોન્ફરન્સ)ની સ્થાપના કરી તેના મંત્રીની જવાબદારી સંભાળી. પંડિત જવાહરલાલ નહેરુ અને ડૉ. પટ્ટાભિ સિતારમૈયા આ સંસ્થાના પ્રમુખપદે રહેલા ૧૯૨૯

E-JOURNAL (HISTORY)
SINCE 2019
E - ISSN : 2582-046X
Vol. 05, Issue 02, April - June, 2023
ISSN (Online) No. 2582 – 046X Impact Factor SJIF 2021 : 4.022, Research bib 2022 : 6.010
"Ansh - Journal of History" A Peer Reviewed International Refereed Online Journal
View More Info... www.ansh.ichrc.co.in Email : ansh.history@gmail.com

અને ૧૯૩૧માં રાજસ્થાન સ્ટેટ્સ પીપલ કોન્ફરન્સનું પ્રમુખપદ સંભાળ્યું.

૧૯૩૦ : ધોલેરા સત્યાગ્રહના મોવડી બન્યા. ૧૯૩૦ની છઠ્ઠી એપ્રિલે અમૃતલાલ શેઠના નેતૃત્વ નીચે ધોલેરામાં મીઠા (નમક) સત્યાગ્રહની શરૂઆત થઈ. ધરપકડ થઈ અને બે વર્ષની કેદ (સજા) ફરમાવવામાં આવી.

૧૯૩૧ : પતિયાળાના રાજવીના જુલમો અંગે રચાયેલી તપાસ સમિતિ સમક્ષ જુબાની આપી. "પતિયાળાનું તહોમતનામું" અહેવાલ "સૌરાષ્ટ્રમાં પ્રસિદ્ધ કર્યા." ૧૯૩૧ની આખરે "સૌરાષ્ટ્ર" ઉપર ફરી અંગ્રેજ સરકારે પ્રતિબંધ મૂક્યો.

૧૯૩૨ : મુંબઈમાં સૌરાષ્ટ્ર ટ્રસ્ટની સ્થાપના કરી, ગોળમેજી પરિષદમાં બિનસત્તાવાર પ્રતિનિધિ તરીકે અખિલ હિંદ દેશી રાજ્ય પ્રજા પરિષદનો કેસ રજૂ કરવા લંડન ગયા. ત્યાંથી પાછા ફરતાં પૂર્વે આફ્રિકાની મુલાકાત લીધી. નૈરોબીમાં મળેલા "ઈસ્ટ આફ્રિકા કોંગ્રેસ અધિવેશન"ના પ્રમુખ થયા. મુંબઈથી અખબાર કાઢવા ફાળાની અપીલ કરી અને ૫૫ હજાર શિલિંગ મેળવ્યા. ગોળમેજી પરિષદ બાદ લંડનથી નૈરોબી જઈ મુંબઈ આવ્યા. ત્યારે સ્ટીમર ઉપરથી જ તેમની ધરપકડ કરવામાં આવી. ફરી બે વર્ષ જેલ સજા ભોગવી. આ જેલ યાત્રાનો મોટો ભાગ નાસિક જેલમાં ગાળ્યો.

૧૯૩૪ : "સૌરાષ્ટ્ર" સંસ્થામાં મતભેદો તીવ્ર બનતાં ગાંધીજીએ શેઠને અને કાઠિયાવાડ છોડી દેવા જણાવ્યું. અમૃતલાલભાઈ રાણપુર છોડી મુંબઈ સ્થાયી થયા અને ફેબ્રુઆરી માસમાં "ડેઈલી સન" તથા ૧૯૩૪ની ૯મી જૂને "જન્મભૂમિ" પત્રો શરૂ કર્યા. "જન્મભૂમિ" સંસ્થા રાજસ્થાની કાર્યકરોનું કેન્દ્ર બિંદુ બની. રાજસ્થાની કાર્યકરોની અખબારના રિપોર્ટર તરીકે શેઠ ચોક્કસ રકમનું મહેનતાણું આપતા. ભારત સ્વતંત્ર બન્યું તે પછી અમુક કાર્યકરો મંત્રીઓ અને મુખ્યમંત્રીઓ બનેલા.

૧૯૩૫ : મરાઠી દૈનિક "લોકમાન્ય" ખરીદ્યું.

૧૯૩૭ : શેઠના અનુયાયી મિત્રોએ તેમની સામે કરેલા આક્ષેપોને લવાદ તરીકે ગાંધીજીએ ફેંસલો આપ્યો. તેમાં શેઠને સંપૂર્ણ નિર્દોષ જાહેર કરવામાં આવ્યા.

૧૯૩૭ થી ૧૯૪૦ : વહાણવટાના ધંધાર્થે મલેશિયા, ઈન્ડોનેશિયા, ચીન, જાપાન અને ફિલિપાઈન્સનો પ્રવાસ કર્યો. મુંબઈમાં ચાંદીવલી ડેરી કંપની લિ. ના મેનેજિંગ ડિરેક્ટર અને મુંબઈમાં ઉપનગર ચાંદીવલીમાં "ચાંદીવલી એસ્ટેટ"ના માલિક થયા.

૧૯૪૧ : ભારતની ભાષાનાં વર્તમાન પત્રોનાં હિતોનું રક્ષણ કરવા "ઈન્ડિયન લેંગ્વેજીઝ ન્યુઝ પેપર્સ એસોસિયેશન"ની સ્થાપના કરી અને તેના સ્થાપક પ્રમુખ બન્યા.

૧૯૪૨ : સવારના દૈનિક "નૂતન ગુજરાત"નો આરંભ કર્યો. ઉપરોક્ત વર્તમાનપત્રોના મેનેજર થી સ્ટેટ્સ પીપલ લિ. ના મેનેજર – ઈન-ચીફ થયા. ફાર ઈસ્ટ ઈન્ડિયન એસોસિયેશનના પ્રમુખ બન્યા. સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી (રાણપુર) અને સેવા મંદિર સોસાયટી (મુંબઈ)ની સ્થાપના કરી તેના ચેરમેન બન્યા.

૧૯૪૦ થી ૧૯૪૮ : "જન્મભૂમિ" પત્રોનું સંચાલન કર્યું. આ દરમ્યાન ગાંધીજી અને ઝીણા વચ્ચેનો પત્ર વ્યવહાર "જન્મભૂમિ"માં પ્રસિદ્ધ કરી અખબારી ક્ષેત્રે સનસનાટી ફેલાવી દીધી હતી.

૧૯૪૬ : આઝાદ હિંદ ફોજનું સાહિત્ય જીવના જોખમે "વોર કોરસપોન્ડન્ટ" તરીકે બર્મા જઈ ભારત લાવ્યા અને ગાંધીજીને સોંપ્યું. આઝાદ હિંદ ફોજની કામગીરીની પ્રથમ જાણ મહાત્માજીને આ સાહિત્ય દ્વારા થઈ હતી. તે સાહિત્ય "જયહિંદ" નામના પુસ્તકરૂપે મુદ્રિત કર્યું. જો સરહદ ઉપર જડતીમાં અમૃતલાલ શેઠ પકડાઈ જાત તો તેમને દેહાંતદંડની સજા થાત.

૧૯૪૭ : જુનાગઢને મુક્તિ અપાવવા માટે રચાયેલી આરઝી હકૂમતની

સ્થાપનામાં મહત્વનો ભાગ ભજવ્યો.

૧૯૫૪ : ૩૦મી જુલાઈએ મુંબઈમાં ૬૩ વર્ષની વયે અવસાન થયું.

**મૂલ્યાંકનઃ**

ભારતીય સ્વતંત્ર સંગ્રામમાં ઘણાંબધા આંદોલન થયા અને તેમાં ઘણા બધા લોકોએ બાગ લીધો હતો. પરંતુ ધોલેરા સત્યાગ્રહના સ્વતંત્ર સેનાની એવા શ્રી અમૃતલાલ શેઠે ધોલેરા સત્યાગ્રહની શરૂઆત કરી અને તેમાં મહત્વની ભૂમિકા ભજવી છે. તેમજ ભાલ વિસ્તારમાં ઘણીબધી સેવાકીય પ્રવૃત્તિઓ કરી છે. જેના દ્વારા આજે પણ ભાલ વિસ્તારના લોકોના હૃદયમાં તેમની સ્મૃતિ જીવંત છે. તેમજ તેઓ દ્વારા સમગ્ર ભાલ વિસ્તારને વિશ્વમાં ખ્યાતિ અપાવી છે. તેમજ આજે પણ ભાલ વિસ્તારના લોકો તેમના નામના રાસડાઓ ગાઈને તેઓને યાદ કરે છે. તેમના દ્વારા ભાલ વિસ્તાર તેમજ દેશના વિવિધ આંદોલનોમાં ખૂબજ સરાહનીય કામગીરી રહી છે તેમજ પ્રબળ નેતૃત્વ પુરૂ પાડ્યું છે.

## સંદર્ભસૂચિ

1. કાંતિલાલ શાહ, ધોલેરા સત્યાગ્રહ, ગાંધીનગર, ૧૯૮૬
2. શ્રી જે. એન. વિદ્યામંદિર માહિતી પુસ્તિકા, ધોલેરા, ૨૦૦૭
3. ગુજરાતના સ્વાતંત્ર સૈનિકો (માહિતી કોશ, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ – ૧૯૯૮, દ્વિતીય આવૃત્તિ, ૨૦૦૮
4. પ્રા. બી. એમ. પટેલ, મહેન્દ્ર બી. પટેલ – સંપાદન, આર્થિક વિકાસ પ્રકાશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ ૨૦૦૯
5. મહેન્દ્ર સી. શાહ, આયોજન, ગુજરાતના ઘડવૈયા ગ્રંથ-૨, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૧૩
6. સ્વ. શ્રી માંગાભાઈ ભરવાડની જીવન ડાયરીમાંથી
7. સુરેશ દલાલ, મહેશ દવે – સંપાદન, વિશ્વના યાદગાર પ્રવચનો, અમદાવાદ, ૨૦૦૮